ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



### ઉનાળાની શરૂઆતમાંજ રોડમાં ખાડા, કોન્ટ્રાક્ટર સાંધા મારી કામ ચલાવવાની કોશિશ..!

## પાવી ગામે લાખો રૂપિયાનું RCCરોડ બનતાજ ખાડા પડવા લાગ્યા, ભ્રષ્ટાચારની વાસથી રાહદારીઓમાં રોષ

**કોન્ટ્રાક્ટર** દ્વારા ખાડા પડેલા ભાગોમાં સાંધા મારીને કામ ચલાવવાની કોશિશ કરવામાં આવી રહી છે

(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.9

છોટાઉદેપુર જિલ્લાના જેતપુરપાવી નજીક આવેલ પાવી ગામે રેલ્વે ગરનાળા મા થોડાક સમય પહેલાં લાખો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલો આર.સી.સી. રોડ બનતા જ ખાડા પડી જવાની શરૂઆત થતાં કામની ગુણવત્તા





અંગે ગંભીર સવાલો ઊભા થયા છે.

અગાઉ અહીં બનાવેલો ડામર રોડ તૂટી જતાં ગ્રામજનોને સુવિધા મળે તે હેતુથી તંત્ર દ્વારા આર.સી.સી. રોડ બનાવવામાં આવ્યો હતો. પરંતુ રોડનું કામ પૂર્ણ થયા બાદ થોડા જ સમયમાં તેમાં ખાડા પડવા લાગ્યા છે અને અનેક જગ્યાએ રોડ પર કપચી બહાર જોવા મળી રહી છે.

હાલ સ્થિતિ એવી છે કે કોન્ટ્રાક્ટર દ્વારા ખાડા પડેલા ભાગોમાં સાંધા મારીને કામ ચલાવવાની કોશિશ કરવામાં આવી રહી છે, જેને લઈને ગ્રામજનોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. લોકોનું કહેવું છે કે લાખો રૂપિયાનું કામ હોવા છતાં જો રોડ ઉનાળાની શરૂઆતમાં જ આવી હાલત હોય તો કામમાં ભ્રષ્ટાચાર થયો હોવાની શંકા સ્વાભાવિક છે.

ગ્રામજનો પ્રશ્ન ઉઠાવી રહ્યા છે કે જો હાલ જ આવી સ્થિતિ છે તો વરસાદી ઋતુમાં આ રોડની હાલત શું થશે..? આ સમગ્ર મામલે તંત્ર દ્વારા કામની ગુણવત્તાની તાત્કાલિક તપાસ કરી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

### પારો ઉંચકાતા બપોરે બજારોમાં સન્નાટો છવાયો

## છોટાઉદેપુર નગર અને પંથકમાં માર્ચની શરૂઆતમાંજ સૂર્યના તેવર આકરા

**હોળીના** મેળાની મોસમ વચ્ચે ગરમીનો પ્રકોપ વચ્ચે લૂ અને અસહ્ય ઉકળાટથી બચવા લોકો ઘરના દ્વાર બંધ કરવા મજબૂર

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.9

છોટાઉદેપુર જિલ્લામાં આ વર્ષે ઉનાળાએ જાણે વહેલી એન્ટ્રી કરી હોય તેમ માર્ચ મહિનાના પ્રારંભે જ સૂર્યદેવ આકરા પાણીએ જોવા મળી રહ્યા છે. હજુ તો આદિવાસી સંસ્કૃતિના પર્વ હોળી અને તેના અનુસંધાને ભરાતા પરંપરાગત મેળાઓની ધૂમ મચી છે, ત્યાં બીજી તરફ આકરા તડકા અને ગરમીએ પ્રજાની હાલત કફોડી કરી દીધી છે. બપોરના સમયે પારો 39 ને પાર જતા જિલ્લાના મુખ્ય મથક સહિત ગ્રામ્ય વિસ્તારોના બજારો સુમસામ ભાસી રહ્યા છે.

છેલ્લા બે-ત્રણ દિવસથી તાપમાનમાં થયેલા અચાનક વધારાને કારણે બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધી ગરમીનું જોર સૌથી વધુ રહે છે. ગરમી અને લૂથી બચવા માટે લોકો બિનજરૂરી બહાર નીકળવાનું ટાળી રહ્યા છે, જેના કારણે ભરચક રહેતા બજારોમાં પણ શૂન્યાવકાશ જોવા મળી રહ્યો છે. વેપારીઓ પણ ગરમીથી બચવા બપોરના સમયે દુકાનોના શટર પાડી દેતા જોવા મળે છે.

હાલમાં સમગ્ર છોટાઉદેપુર જિલ્લામાં હોળી-ધૂળેટીના તહેવારની તૈયારીઓ અને હાટ-મેળાઓ ચાલી રહ્યા છે. દૂર-દૂરથી આવતા લોકો ગરમીના કારણે મુશ્કેલીમાં મુકાયા છે. મેળાઓમાં પણ સવારના સમયે ભીડ જોવા મળે છે, પરંતુ બપોર થતાં જ લોકો છાંયડાની શોધમાં આમતેમ ભટકતા નજરે પડે છે. ઠંડા પીણાં, શેરડીનો રસ અને તરબૂચની લારીઓ પર ગ્રાહકોની ભીડ વધવા લાગી છે.

હજુ તો ઉનાળાની માત્ર શરૂઆત છે ત્યાં જ જો આવો આકરો તાપ હોય, તો મે-જૂન મહિનામાં સ્થિતિ કેવી હશે તેને લઈને લોકોમાં ચિંતા જોવા મળી રહી છે.

### લાઇનમેન દિવસ તેમજ સલામતી દિવસની ઉજવણી કરવામાં આવી

## ડભોઈ મોટા ફોફળિયા ખાતે MGVCLના કર્મચારીઓનો હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

(પ્રતિનિધિ) શિનોર, તા.9

શિનોર તાલુકાના મોટા ફોફળિયા ખાતે આવેલ શ્રી છોટુભાઈ એ. પટેલ લર્નિંગ ઈન્સ્ટિટ્યૂટના હોલમાં લાઈનમેન દિવસ તેમજ સલામતી દિવસની ઉજવણી અંતર્ગત મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL) ડભોઈ વિભાગીય કચેરી હસ્તકના પસંદ કરાયેલા લાઈનમેન તથા વીજ કર્મચારીઓ માટે સામુહિક આરોગ્ય કેન્દ્ર મોટા ફોફળિયાના સહયોગથી વિશેષ હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ ડભોઈ એમજીવીસીએલ વિભાગીય કચેરી



હસ્તકની પેટા કચેરીઓના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. કાર્યક્રમમાં વડી કચેરીના એકાઉન્ટ ઓફિસર શૈલજા મેડમના અધ્યક્ષસ્થાને લાઈનમેન દિવસ અને સલામતી દિવસની ઉજવણી કરવામાં આવી.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી, જેમાં શૈલજા મેડમ, ડેપ્યુટી ઈજનેર શ્રી તડવી તથા શક્તિકૃપા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રતિનિધિ અશોકભાઈ પટેલ સહિત ઉપસ્થિત મહાનુભાવોએ ભાગ લીધો હતો.

મધ્ય ગુજરાત વીજ કંપની ડભોઈ વિભાગીય કચેરીના કાર્યપાલક ઈજનેર આર.આઈ. મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ઈલેક્ટ્રિક આસિસ્ટન્ટથી લઈ લાઇન ઈન્સ્પેક્ટર સુધીના તમામ ટેકનિકલ વીજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વક્તાઓએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે લાઈનમેન કર્મચારીઓ કોઈપણ ઋતુ કે કુદરતી આફતની પરવા કર્યા વિના પ્રજાને અવિરત વીજ પુરવઠો પૂરો પાડવા માટે હંમેશા તત્પર રહે છે.

### ચાંદોદ હિન્દુ ધર્મનુ ભક્તિનુ કેન્દ્ર મનાય છે

## ચાંદોદ યાત્રાધામ ખાતે રેવામા મગર દેખા દેતા ભકતોમાં ભયનો માહોલ !!

(પ્રતિનિધિ) ડભોઈ, તા.9

ડભોઈ તાલુકા ના પવિત્ર યાત્રાધામ ખાતે રેવા તટે આવેલ ઐતિહાસિક મલ્હારરાવ ઘાટ નજીક મગર દેખા દેતાં ભકતો મા ભય નો માહોલ જોવા મળ્યો છે.

જાણવા મળ્યાં મુજબ ચાંદોદ હિન્દુ ધર્મ નુ ભક્તિ નુ કેન્દ્ર મનાય છે અહીં માતા પિતા ના તર્પણ માટે ભારત ભર માંથી મોટી સંખ્યામાં શ્રધાળુ ઓ આવતા હોય છે, અને અમુક તિથિ ઓ મા પણ ભકતો મોટી સંખ્યામાં આવતા હોય છે. મહાકાય મગર દેખાતા પ્રવાસન સ્થાન હોવા ને લઈ મોટી સંખ્યામાં શ્રધાળુ ઓ સ્નાન



કરવા આવતા હોય છે વન વિભાગ વહેલી તકે મગર ને પાંજરે પુરી શ્રધ્ધાળુઓ માટે સલામત જગ્યા બનાવે એવી લોકો ની માંગ છે. ગુજરાત સરકાર ચાંદોદ ના વિકાસ માટે અઢળક ગ્રાંટ આપી રહી છે ત્યારે આ મહાકાય મગર ને લોકો માં ભય જોવા મળ્યો છે. હવે વહેલી તકે મગર ને ઝબ્બે કરવા તંત્ર દોડતુ થાય એવી શ્રધ્ધાળુઓ આશા રાખી બેઠા છે.

## છોટાઉદેપુર જિલ્લા પંચાયતની બેઠકોના સીમાંકન અને અનામત મુદ્દે ઉગ્ર વિરોધ

**કનાલવાં** કવાંટની બેઠક મુદ્દે આમ આદમી પાર્ટીના કાર્યકરો દ્વારા કલેક્ટરને આવેદન

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.9

છોટાઉદેપુર જિલ્લા પંચાયતની આગામી ચૂંટણી માટે જાહેર કરવામાં આવેલા બેઠકોના સુધારેલા પ્રાથમિક આદેશ સામે સ્થાનિક પ્રજાએ ભારે વિરોધ નોંધાવ્યો છે. કવાંટ તાલુકાની કનલવા / કવાંટ બેઠક પર અનામતના ફેરફાર મુદ્દે આજે આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીને લેખિત આવેદન પત્ર પાઠવી અગાઉની સ્થિતિ યથાવત રાખવા માંગ કરવામાં આવી છે.



આવેદન પત્રમાં જણાવ્યા અનુસાર, તારીખ ૨૫/૦૨/૨૦૨૬ના આદેશ મુજબ કનલવા જિલ્લા પંચાયતની બેઠક 'અનુસૂચિત આદિજાતિ સ્ત્રી' માટે અનામત રાખવામાં આવી હતી. પરંતુ, ગત તારીખ ૦૩/૦૩/૨૦૨૬ના સુધારેલા આદેશમાં આ બેઠકને બદલીને અચાનક 'બિન અનામત શૈક્ષણિક પછાત વર્ગ' (OBC) જાહેર કરવામાં આવતા સ્થાનિક આદિવાસી સમાજમાં રોષ ફેલાયો છે.

સ્થાનિક આગેવાનોએ રજૂઆત કરતા જણાવ્યું છે કે, આ વિસ્તારમાં આદિવાસી વસ્તી ૯૮% જેટલી છે, જ્યારે શૈક્ષણિક પછાત વર્ગની વસ્તી માત્ર ૨% જેવી નહિવત છે. ૧૯૯૬નો પેશા એક્ટ (PESA Act) અને ગુજરાત સરકારના ૨૦૧૭ના નિયમો મુજબ, આદિવાસી વિસ્તારોમાં બેઠકોની ફાળવણીમાં આદિવાસીઓના હિતોનું રક્ષણ કરવું અનિવાર્ય છે. આદિવાસી બહુમતી ધરાવતા ક્ષેત્રમાં અન્ય વર્ગની બેઠક ફાળવવી તે ગેરકાયદેસર અને આદિવાસીઓના બંધારણીય હકોનું ઉલ્લંઘન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ રજૂઆત દ્વારા માંગ કરવામાં આવી છે કે, ૨૫/૦૨/૨૦૨૬ના જૂના પરિપત્ર મુજબ જ બેઠકોની ફાળવણી કરવામાં આવે અને કનકાવા બેઠકને પુનઃ આદિજાતિ અનામત જાહેર કરવામાં આવે.

### નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મ અંતર્ગત

## ભીલપુર ક્લસ્ટરના વિજોલ ગામે અવેરનેશ પ્રોગ્રામ યોજાયો

**દવાઓના** ઉપયોગમાં ઘટાડો કરી પ્રાકૃતિક ખેતી તરફ વળવા પ્રોત્સાહિત કર્યા

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.9

નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ અંતર્ગત છોટાઉદેપુર તાલુકાના ભીલપુર ક્લસ્ટરના વિજોલ ગામે ખેડૂત જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ખેડુતોમાં પ્રાકૃતિક કૃષિ અંગે જાગૃતિ ફેલાવવાનો અને રાસાયણિક ખાતર તથા દવાઓના ઉપયોગમાં ઘટાડો કરી પ્રાકૃતિક ખેતી તરફ વળવા પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમમાં તાલુકા પ્રોજેક્ટ



મેનેજર પ્રિયંકા રાઠવા દ્વારા ખેડુતોને પ્રાકૃતિક કૃષિના સિદ્ધાંતો, જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત જેવી પદ્ધતિઓ તેમજ જમીનની ઉપજ ક્ષમતા જાળવવાના ઉપાયો વિશે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. ખેડુતોને કુદરતી ખેતીથી ખર્ચમાં ઘટાડો, જમીનની તંદુરસ્તી અને પાકની ગુણવત્તામાં સુધારો થાય છે તે અંગે પણ માહિતી આપવામાં આવી હતી.

### હર ઘર સ્વદેશી - વોકલ ફોર લોકલને પ્રોત્સાહિત કરવા માટેનો હેતુ

## પાદરા ખાતે 10 દિવસીય સ્વદેશી મેળાનો ભવ્ય પ્રારંભ

**વેપારીઓ** અને કલાકારો દ્વારા સ્વદેશી ઉત્પાદનોના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા

(પ્રતિનિધિ) પાદરા.તા.9

પાદરા નગર પાલિકા દ્વારા સ્વદેશી વસ્તુઓના ઉપયોગને પ્રોત્સાહન આપવા તથા સ્થાનિક નાના મોટા વેપારીઓ અને હસ્તકલા ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા માટે પાદરા નગર પાલિકા દ્વારા સ્વદેશી મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશી નું પાદરા ખાતે ગજાનંદ સોસાયટી



નજીક નાના કુંભારવાડા પાસે પાદરા - જંબુસર રોડ પર તા. ૯ માર્ચથી ૧૮ માર્ચ સુધી ૧૦ દિવસ સુધી ચાલનાર આ સ્વદેશી મેળાનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો હતો.

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા "હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી" અને "વોકલ ફોર લોકલ" ના આહ્વાનને ધ્યાનમાં રાખી દેશભરમાં સ્વદેશી ઉત્પાદનોના ઉપયોગ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. આ અભિયાન અંતર્ગત સ્થાનિક ઉદ્યોગો, નાના વેપારીઓ અને હસ્તકલા સાથે સંકળાયેલા લોકો ને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ પાદરા નગર પાલિકા દ્વારા આ સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ મેળામાં પાદરા નગર તથા તાલુકાના વિવિધ વેપારીઓ અને કલાકારો દ્વારા સ્વદેશી ઉત્પાદનોના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. જેમાં હાથ બનાવટની કલાકૃતિઓ, ઘર ઉપયોગી ચીજવસ્તુઓ, હસ્તકલા ઉત્પાદનો તેમજ વિવિધ સ્વદેશી વસ્તુઓનું વેચાણ અને પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે.

## ડભોઈની રાબિયા પાર્ક સોસાયટીમાં જુગાર રમતા 8 ઝડપાયા

ડભોઈ : ડભોઇ ની વિભાગ હાઈસ્કુલ પાછળ આવેલી રાબિયા પાર્ક સોસાયટી માં જુગાર રમાતો હોવાની બાતમી ડી સ્ટાફ ને મળી હતી.જેથી બાતમી મુજબ ના મકાન પર છાપો મરતા પત્તાપાના નો બોર્ડ રમતા આઠ જુગારીઓ રંગે હાથ ઝડપાઈ ગયા હતા.અંગ ઝડતી ના 84,00 અને દાવ પર થી 58,00 મળી કુલ રૂપિયા - 14,200 સાથે ઝડપાયેલ જુગારીઓ વિરુદ્ધ જુગારધારા ની કલમ હેઠળ કાર્યવાહી કરાઈ હતી. ડભોઇની રાબિયા પાર્ક સોસાયટીમાં પાછલા એક સપ્તાહ થી પત્તાપાનાનો હારજીતનો જુગાર રમાતો હોવાની ડભોઇ પોલીસના ડિસ્ટાફની ટીમને બાતમી મળી હતી.જેથી રાબિયા પાર્ક સોસાયટી માં આવેલા વસીમ રજ્જાકભાઈ બદામિયા (મનસુરી) ના ઘર ની બાતમી વાળી જગ્યા નો સર્વે કરી છાપો માર્યો હતો.

## CUG ખાતે વ્યક્તિત્વ વિકાસ, મનોવિજ્ઞાન અને તનાવ વ્યવસ્થાપન પર રાષ્ટ્રીય વર્કશોપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.9

સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના રેમેડિયલ કોચિંગ સેલ દ્વારા "વ્યક્તિત્વ વિકાસ, મનોવિજ્ઞાન અને તનાવ વ્યવસ્થાપન" પર બે દિવસીય રાષ્ટ્રીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપમાં આશરે 180 વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી અને સક્રિયપણે ભાગ લીધો. મનોવિજ્ઞાન, શિક્ષણ, નેતૃત્વ અને વ્યવસ્થાપન ક્ષેત્રના અનેક નિષ્ણાતોએ ઉદ્ઘાટન સત્રમાં વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા. કાર્યશાળાનો પરિચય આપતા, ગાંધીવાદી વિચાર અને શાંતિ અભ્યાસ વિભાગના એસોસિયેટ પ્રોફેસર અને રેમેડિયલ કોચિંગ સેલના સંયોજક ડૉ. બી. જગન્નાથમે વિદ્યાર્થીઓમાં તણાવ વ્યવસ્થાપનના મહત્વ પર પ્રકાશ પાડ્યો. તેમણે કહ્યું કે આજના વૈશ્વિક વિશ્વમાં, ઘણા પરિબળો વિદ્યાર્થીઓના જીવનને પ્રભાવિત કરે છે, જેના કારણે તેમના માટે તનાવનું અસરકારક રીતે સંચાલન કરવું મહત્વપૂર્ણ બને છે. મુખ્ય અતિથિ તરીકે, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના શિક્ષણ અને મનોવિજ્ઞાન ફેકલ્ટીના શૈક્ષણિક વહીવટ વિભાગના વડા પ્રોફેસર કે. પુષ્પનાધમે મનોતનાવ વિના અસરકારક રીતે કેવી રીતે કાર્ય કરવું અને ભાવનાત્મક પડકારોનો સામનો કેવી રીતે કરવો તે અંગે પોતાના વિચારો શેર કર્યા. તેમણે જણાવ્યું હતું કે શિક્ષણનો ઉદેશ્ય વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય વિકાસમાં યોગદાન આપવા સક્ષમ બનાવવાનો હોવો જોઈએ.

### ઝેરી રસાયણ મુક્ત શાકભાજીનું ઉત્પાદન કરી પરિવારને ગંભીર બિમારીઓથી રક્ષણ આપી શકે

## કિચન ગાર્ડન વર્કશોપનું આયોજન કરી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરાઇ

(પ્રતિનિધિ) વડોદરા,તા.9

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે બાગાયત ખાતું વડોદરા દ્વારા વડોદરા મહાનગર સેવાસદનના સયાજીબાગ ખાતે એક દિવસીય કીચન ગાર્ડન તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજીત ૬૦ થી વધુ તાલીમાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે નાયબ બાગાયત નિયામકશ્રી, વડોદરા શ્રી અશ્વિનભાઈ એમ પટેલ દ્વારા તાલીમાર્થીઓને ઘરે જ કીચન ગાર્ડન બનાવી જંતુનાશક દવાઓ મુકત શાકભાજી ફળોનું ઉત્પાદન કરવા અનુરોધ કર્યો હતો તેમજ વિવિધ બાગાયતી યોજનાઓની માહિતી આપી હતી.

આણંદ કૃષિ યુનિવર્સિટી, મોડલ ફાર્મમાંથી ઉપસ્થીત ડૉ. રૂષભ મકવાણા, મદદનીશ પ્રાધ્યાપકશ્રીએ જણાવ્યું કે, કોરોના કાળ પછી લોકો પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે ખૂબ જ જાગૃત થયા છે જેના કારણે લોકો કીચન ગાર્ડન તરફ વળ્યા છે. કીચન ગાર્ડન માટે ખુલ્લી જગ્યાને અનુરૂપ આયોજન કરવું જોઈએ. પૂરતા સૂર્યપ્રકાશ મળી રહે તેવી જગ્યા પસંદ કરવી જોઈએ તેમજ ઋતું મુજબ શાકભાજીનું વાવેતર કરવું જોઈએ. ધાણા, મેથી, પાલક, તાંદળજો જેવા લીલા પાંદડાવાળા શાકભાજીને ઓછો સૂર્યપ્રકાશ મળતો તેવી જગ્યાએ ઉગાડી શકાય છે. ટામેટાં, મરચાં, રીંગણ, કોબીજ, ફુલાવર જેવા શાકભાજીના પહેલા ધરૂ તૈયાર કરવામાં આવે છે ત્યાર બાદ કયારા



કે કુંડામાં છોડને વાવવામાં આવે છે. દૂધી, કારેલાં, કાકડી, તૂરીયા, ગલકા જેવા વેલવાળા શાકભાજી માટે તાર/નેટનો ઉપયોગ કરી મંડપ બનાવી ઉત્પાદન લઈ શકાય છે.

શ્રીમતી દિપ્તી આર ભક્ત, મદદનીશ બાગાયત નિયામકશ્રી, વડોદરા દ્વારા મહિલાઓએ મહિલા દિનની શુભેચ્છા આપી જણાવ્યું કે, મહિલાઓ કીચન ગાર્ડન અપનાવી ઝેરી રસાયણ મુક્ત શાકભાજીનું ઉત્પાદન કરી પરિવારને ગંભીર બિમારીઓથી રક્ષણ આપી શકે છે. ઘર ખર્ચમાં પણ બચત કરી શકે છે. મહિલાઓ માઈક્રોગ્રીન્સનું ઘરે જ ઉત્પાદન કરી બાળકોને સલાડ અને સૂપમાં પણ આપી શકે છે. મહિલાઓ પોતાના ગાર્ડનમાં વિવિધ ફૂલછોડ તેમજ જાપાનીઝ ટેકનીક કોકાડોમા પધ્ધતિથી ઘરમાં ઈનડોર છોડ દ્વારા ઘરની શોભામાં વધારો કરી શકે છે.

શ્રી રાજેન્દ્રસિંહ એમ પરમાર, બાગાયત અધિકારીશ્રીએ જણાવ્યું કે, અત્યારના પ્રદુષિત વાતાવરણમાં આપણી તંદુરસ્તી માટે કીચન ગાર્ડન આપણી પસંદગીની સાથે સાથે આપણી આજના સમયની જરૂરિયાત પણ છે. તાલીમાર્થીઓ ઘર આંગણે શાકભાજી ઉગાડવા પ્રેરાય એ માટે કિચન ગાર્ડન કિટ જેમાં વિવિધ શાકભાજીના બિયારણ અને કુદરતી ખાતરનું વિતરણ કરવામાં આવ્યુ હતું. વધુમાં વધુ લોકો કીચન ગાર્ડન અપનાવે તે માટે બાગાયત ખાતાની કીચન ગાર્ડન યોજનાનો લાભ લેવા જણાવ્યું હતું. તાલીમાર્થીઓને વધુ માહિતી માટે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, કોઠી કચેરી કમ્પાઉન્ડ, રાવપુરા (ફોન નં.૦૨૬૫-૨૪૨૯૧૫૪) સંપર્ક કરવા જણાવ્યું છે.

## પંચમહાલના ખનીજ માફિયા રાજેશ ભરવાડને 6 જિલ્લામાંથી બે વર્ષ માટે તડીપાર કરાયો

**ગોધરા** પ્રાંત કચેરીના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટના આદેશ અનુસાર

(પ્રતિનિધિ) ગોધરા, તા.9

ગોધરા તાલુકાના કાંકણપુર પોલીસ સ્ટેશનની હદમાં આવતા કબિરપુર ગામના કુખ્યાત ખનીજ માફિયા રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ જોગાભાઈ ભરવાડને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ડામવા માટે બે વર્ષ માટે તડીપાર કરવામાં આવ્યો છે. ગોધરા પ્રાંત કચેરીના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટના આદેશ અનુસાર, આ શખ્સને પંચમહાલ, મહીસાગર, દાહોદ, વડોદરા, ખેડા અને છોટાઉદેપુર એમ કુલ છ જિલ્લાઓમાંથી હદપાર કરી



તાત્કાલિક અસરથી અમદાવાદ ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

પોલીસ રેકોર્ડ મુજબ, ૩૧ વર્ષીય આરોપી રાજેશ ભરવાડ લાંબા સમયથી ગેરકાયદેસર ખનન અને ખનીજ ચોરીના ગુનાઓમાં સંડોવાયેલો હતો. તેની સામે કાંકણપુર પોલીસ સ્ટેશનમાં ૦૬ અને અન્ય પોલીસ સ્ટેશનમાં ૦૨ મળીને કુલ ૦૮ જેટલા ગુનાઓ નોંધાયેલા છે. આરોપીના આ ગુનાહિત ઈતિહાસને ધ્યાનમાં રાખીને કાંકણપુર પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એલ. કામોળ દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૫૬(ખ) હેઠળ તેની વિરુદ્ધ તડીપારની દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. આ દરખાસ્તને ગોધરાના નાયબ કલેક્ટર અને એસ.ડી.એમ. એન.બી. મોદીએ મંજૂરી આપીને બે વર્ષના તડીપારનો આદેશ કર્યો હતો.

પંચમહાલ ગોધરા રેન્જ આઈ.જી. આર.વી. અસારી અને જિલ્લા પોલીસ વડા ડૉ. હરેશભાઈ દુધાત દ્વારા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા ગુનેગારો સામે પાસા અને તડીપારની કડક કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના આધારે ઈન્ચાર્જ ડીવાયએસપી બ્રિન્દા જાડેજાના માર્ગદર્શન હેઠળ કાંકણપુર પોલીસે આ સઘન કાર્યવાહી હાથ ધરી હતી.